## ૧૫મી નેશનલ તથા ૯મી ઈન્ટરનેશનલ વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપ ૨૦૧૨માં ગાંધીનગરના કરાટેવીરો ઝળક્યા



તાજેતરમાં ઓલ ઈન્ડિયા વાડો-કાઈ-કરાટે-ડો અકેડમી દ્વારા ૧૫મી ઓલ ઈન્ડિયા તથા ૯મી ઈન્ટરનેશનલ વાટોકાઈ કરાટે ચેમ્પિયનશીપ ૨૦૧૨, તા. ૧૭ અને ૧૮ નવેમ્બર ૨૦૧૨ના રોજ અંધેરી, મુંબઈ સ્થિત એસ.આર.કે. સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે યોજાઈ ગઈ. ૧૫મી નેશનલ વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપમાં ગુજરાત, વેસ્ટ બંગાલ, મહારાષ્ટ્ર, મણિપુર, અરૂણાચલ પ્રદેશ, આસામના કુલ ૨૮૦ કરાટેવીરો તથા ૯મી ઈન્ટરનેશનલ વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપમાં લગભગ ૧૧૫ કરાટેવીરોએ રસપૂર્વક પોતાનું કૌવત દેખાડ્યું હતું.

૧૫મી નેશનલ વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપ-૨૦૧૨માં ગાંધીનગર જિલ્લાના કુલ ૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ઓમ કપૂર, કેયૂર એમ. પટેલને ગોલ્ડ, સૃષ્ટિ ચંપાવત અને જયતા કપૂરને સિલ્વર મેડલ મેળવી ગાંધીનગરનું નામ રોશન કર્યું હતું.

૯મી ઈન્ટરનેશનલ વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપ ૨૦૧૨માં ગાંધીનગર જિલ્લાના ૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં આર્યન એમ. ઝાલા, મિત કે. પટેલને ગોલ્ડ મેડલ, પ્રથમસિંહ બિહોલા, ઈસાન જોશી, કૃતિક કે. યાદવ, કુંજલ આહીરને સિલ્વર મેડલ જ્યારે કાતા ઈવેન્ટમાં ઋત્વીક ખારોડને પણ સિલ્વર મેડલ પ્રાપ્ત થયેલ. જ્યારે મિત બી. પટેલ, હર્ષિલ ઢીંગરાને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયેલ.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના કરાટે નિષ્ણાંત પ્રશિક્ષકો સેનસાઈ શ્રી ગૌરાંગ રાણા, શ્રી યોગેશ વિશ્વકર્માએ કોચ તરીકે પોતાની સેવા પૂરી પાડી હતી. સંસ્થાના ઓલ ઈન્ડીયા વાડોકાઈ કરાટે ડૉ એકેડમીના ટેકનીકલ ડાયરેક્ટર શ્રી અરવિંદભાઈ રાણાએ પણ ખેલાડીઓની સિદ્ધિને બિરદાવી વિજેતાઓને તેમજ કોચને અભિનંદન પાઠવેલ છે.

# શહેરના ૨૦ સ્થળોએ સી.સી. ટીવી કેમેરા મુકવાનો નિર્ણય

ગાંધીનગર, તા.૨૭

શહેરમાં ગુનાકીય પ્રવૃત્તિને ડામવા તેમજ જાહેર સ્થળોએ આમ નાગરિકોની સલામતીના ભાગ રૂપે સી.સી. ટી.વી. કેમેરા મુકવાની યોજના સંદર્ભે પ્રથમ તબક્કામાં ૨૦ સ્થળોને આવરી લેવાનો નિર્ણય લેવાયો છે. છેલ્લા બે વર્ષથી અભેરાઈ ચડેલી આ યોજના અન્વયે આખરે જરુરી સ્થળોએ ગુનેગારો ઉપર કેમેરાની વોચ રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

હાઈટેક અને હાઈપ્રોફાઈલ ગણાતા પાટનગરમાં દિન પ્રતિદિન ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે. જાહેર સ્થળો પર ચેઈન સ્નેચીંગ લુંટ અને ચોરી જેવા ગંભીર ગુનાઓના બનાવ પ્રકાશમાં આવે છે. આવા સંજોગોમાં શહેરના હાઈપ્રોફાઈલ સરકીટ હાઉસ અને મંત્રી નિવાસ વિસ્તાર ઉપરાંત અક્ષરધામના વિસ્તારમાં અગાઉ સી.સી. ટી.વી. કેમેરા મૂકવા જિલ્લા પોલીસ વડાએ દરખાસ્ત રજુ કરી હતી. જેમાં શહેરના સર્કલોને પણ સમાવી લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત શહેરની બેંકો અને જવેલરી શોપ્સ સાથે પણ સંકલન કરી સી.સી.ટી.વી. કેમેરા મુકવાનું આયોજન કરાયું હતું. શહેરના કુલ ૪૩ સ્થળોએ સી.સી. ટીવી કેમેરાના માધ્યમથી સલામતી વ્યવસ્થા સઘન બનાવવા આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ આ મામલે વિભાગ સમક્ષ રજુ થયેલી દરખાસ્ત સંદર્ભે લાંબા સમયના અંતે પણ કોઈ નિર્ણય લેવાયો ન હતો.

# ચિલોડા એસ.ટી. કંટ્રોલની બારી નજીક ઊંડો જોખમી ખાડો અકસ્માતો સર્જી શકે છે

ગાંધીનગર જિલ્લાના મુખ્ય જંકશન મથક ગણાતું ચિલોડા બસ સ્ટેન્ડ પાસે કંટ્રોલ રૂમની સુવિધા કરવામાં આવી છે. આ કંટ્રોલ રૂમ દ્વારા આજુબાજુ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે અનેક રીતે રાહતરૂપ ગણી શકાય જેમાં પ્રવાસી પાસ તથા વિદ્યાર્થી પાસની સુવિધા અપાય છે. આ સ્ટેન્ડની બારી નજીક ૧૫ ફૂટ ઊંડો ખાડો ખોદી દેવાતા મુસાફરોને અનેક રીતે આફતરૂપ બન્યો છે. એસ.ટી. કંટ્રોલરે જણાવ્યા મુજબ મહોરમના તહેવારે તંત્ર દ્વારા મસમોટો ૧૫ ફૂટ ખાડો કરાયો હતો પરંતુ તેને પૂરવાની તસ્દી લેવાઈ નથી. રાત્રે રખડતી ગાયો તેમજ નાગરિકો ખાડામાં ગબડી પડે તો અકસ્માતની ગંભીર શકયતા રહેલી છે. આમ આ જોખમી ખાડો સત્વરે પુરાય તેવી પ્રજાજનો રજુઆત કરી રહ્યા છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ચિલોડા અને જાખોરામાં તુલસીવિવાહ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો

## શાલીગ્રામ અને તુલસીના વિવાહમાં હજારો ભક્તોએ લ્હાવો લીધો



ચિલોડા, તા. ૨૭

કાર્તિક સુદ એકાદશી એટલે અષાઢ મહિનામાં સૂઈ ગયેલા ભગવાનને ઉઠાડવાની એકાદશી. આ દિવસે ભગવાનને તુલસી જોડે પરણાવવાનો પણ રિવાજ છે. પૌરાણિક કથા મુજબ જલંધર રાજા પોતાની પત્ની વૃંદાના પતિવ્રત્યના જોરથી ખૂબ ત્રાસ વર્તાવતો હતો. ત્યારે ભગવાન વિષ્ણુએ જલંધરનું રૂપ લઈને વૃંદાનું પાતિવ્રત્ય ખંડિત કર્યું. વૃંદાને ખબર પડતાં જ તેણે વિષ્ણુને પત્થર થવાનો શ્રાપ આપ્યો. તેથી વિષ્ણુ શાલિગ્રામ થયા. વિષ્ણુએ તેને વનસ્પતિ બની જવાનું કહ્યું. વૃંદા તુલસી બની ગઈ હતી. પ્રબોધિની એકાદશીએ તુલસીને ભગવાન જોડે પરણાવીએ છીએ.

ચિલોડા મોટા ખાતે પરંપરા મુજબ ગામમાં કૃષ્ણમંડળ તથા જનકપુરી મહિલા મંડળ દ્વારા તુલસી વિવાહનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ અગિયારસે ઉજવાયો હતો. ભગવાન શાલીગ્રામ અને તુલસીમાતાના લગ્નોત્સવ નિમિત્તે બેન્ડવાજા તથા ઢોલ નગારા સાથે ભગવાન શાલિગ્રામની જાન રૂપે ભવ્ય વરઘોડો ગામના મુખ્ય માર્ગો પર ફર્યો હતો. ત્યાં અનેક ભક્તજનોએ ભગવાન વિષ્ણુની પધરામણી કરી અર્ચના-પુજા કરી હતી. ત્યારબાદ તુલસીમાતાના માંડવે લઈ જવામાં આવી હતી. તુલસીના માતા તરીકે શર્મિષ્ઠાબેન તથા પિતા તરીકે ભરતભાઈ પટેલ, જ્યારે શાલીગ્રામના પિતા તરીકે હર્ષદભાઈ પટેલ તથા માતા તરીકે મીનાબેન તથા મામા-મામી તરીકે જયંતિભાઈ અને ઈન્દિરાબેન, અનિલભાઈ પોતે તથા રાગીણીબેન વગેરે ભક્તજનો જોડાયા હતા. આ પ્રસંગે માંગલિક લગ્નપ્રસંગોમાં ગણેશસ્થાપન મંડપ મુહર્ત, ગૃહશાંતિ, મામેરૂ,જાન-આગમન દ્વારા પરિવારજનોએ લગ્નવિધિ સંપન્ન કરી હતી. રાજુભાઈ રાવલ, વિષ્ણુભાઈ રાવલ તથા મહેન્દ્રભાઈ ઉપાધ્યાય દ્વારા લગ્નની તમામ શાસ્ત્રોક્તવિધિ કરવામાં આવી હતી.

મોટી સંખ્યામાં ભક્તબહેનોએ લગ્નના માહોલમાં સંગીતની સુરાવલી સાથે લગ્નગીતો ગાઈ અનોખો લગ્નોત્સવ માણ્યો હતો. સમગ્ર લગ્નોત્સવનું આયોજન મહિલા ભજન મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.



જ્યારે ગાંધીનગર જિલ્લાના જાખોરા ગામે તા. ૨૪મી નવેમ્બરે પ્રથમવાર શાલીગ્રામ અને તુલસીના વિવાહનું મહિલામંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં તુલસીના માતા તરીકે સુહાગીબેન, પિતા તરીકે શ્યામ મહેન્દ્રભાઈ મામા તરીકે રમેશભાઈ મામી તરીકે ભીખીબેન જ્યારે શાલીગ્રામના પિતા તરીકે પ્રકાશભાઈ, માતા તરીકે પવનીબેન, માતા તરીકે જયંતિભાઈ, મામી તરીકે શારદાબેન લગ્નોત્સવમાં જોડાયા હતા. મહારાજ કિર્તીદાસ બાપુ અને કૌશલ્યાદેવી દ્વારા શાસ્ત્રોક્ત લગ્નવિધિ કરવામાં આવી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## આજે દલિત ભાવકો અને સાહિત્યકારોનું સ્નેહ મિલન યોજાશે

ગાંધીનગર, તા.૨૭

દલિત અધિકારના ચંદુ મહેરિયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે દલિત ભાવકો અને સાહિત્યકારોનું સ્નેહ મિલન આજે તા. ૨૮મી નવેમ્બર ૨૦૧૨ના રોજ યોજાશે.

દલિત ભાવકો અને સાહિત્યકારોના સ્નેહ મિલન સાથે સાથે આજે દલિત કવિતા વાચનનો કાર્યક્રમ પણ યોજાશે. ગાંધીનગરના સેક્ટર-૧૨ ખાતેના આંબેડકર ભવનના સેમિનાર ખંડમાં આજે સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન સ્નેહ મિલન અને દલિત કવિતા વાંચનનો કાર્યક્રમ યોજવામાં આવશે.

## આજે પંચમુખી મહાદેવમાં અન્નકુટ દર્શન

ગાંધીનગર, તા. ૨૭

સેક્ટર-૫માં શ્રી પંચમુખી મહાદેવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ ગાંધીનગર તરફથી પંચમુખ મહાદેવમાં દેવદિવાળી તા. ૨૮મી નવેમ્બરના રોજ સવારે 'અન્નકૂટ દર્શન' રાખેલ છે. તો ગાંધીનગરના ધર્મપ્રેમીઓએ દર્શનનો લાભ લેવા ટ્રસ્ટના પ્રમુખશ્રીએ જણાવેલ છે.

**જોઈએ છે - મિલ્ક ટેન્કર**

**: મધુર ડેરીથી મધર ડેરી :**

**ઈચ્છીત વ્યકિતઓએ જાહેરાતની તારીખથી તા. ૩૦-૧૧-૨૦૧૨ સુધી ઓફિસ ટાઈમ દરમિયાન ટેન્ડર ફી ભરી ફોર્મ ભરી પરત મોકલી આપવાના રહેશે.**

**મેનેજીંગ ડિરેક્ટરશ્રી**

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.**

# સે. ૩ના આંતરિક માર્ગોને ચકાચક બનાવવાનું કામ શરૂ

## રસ્તાઓની સફાઈ કામગીરી હાથ ધરાઈ સે. ૭માં પણ માર્ગ સુધારણાનું કામ શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૭

શહેરના નવવિકસીત વિસ્તારમાં માર્ગ નવીનીકરણની કામગીરી દિવાળી બાદ પુનઃ શરૂ કરી દેવામાં આવી છે. સેક્ટર-૭ અને સેક્ટર-૩માં આંતરિક માર્ગોને ચકાચક બનાવવા તંત્ર કામે લાગ્યું છે. સેક્ટર-૩માં આ કામગીરી પૂર્વે માર્ગોની સફાઈ હાથ ધરવામાં આવી છે.

શહેરમાં ચોમાસા પૂર્વે માર્ગ નવીનીકરણના કામોનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં નગરના મુખ્ય ઘ-માર્ગ સેક્ટર-૬ થી ૧૯ આંતરિક રસ્તાઓ સહિત સેક્ટર- ૧ થી ૫ના આંતરીક માર્ગોની સુધારણાને અનુલક્ષી વિભાગ કક્ષાએથી કરોડોના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. શહેરના નવ વિકસીત સેક્ટરમાં ચોમાસા દરમ્યાન માર્ગ સુધારણાની કામગીરી અટકાવી દેવાઈ હતી. ત્યારબાદ દિવાળીના પર્વના અંતે હવે બાકી રહેતી કામગીરી પુનઃ શરૂ કરવામાં આવી છે. સેક્ટર-૭ અને ૩માં આંતરિક માર્ગોને ચકાચક બનાવવા કામ શરૂ કરી દેવાયું છે. નિયત સમય પૂર્ણ થઈ જતાં સેક્ટરોમાં આંતરિક માર્ગો કાચબાની પીઠ સમાન બનતા આ કામગીરી ત્વરીત હાથ ધરવામાં આવે તેવી લોક લાગણી પ્રબળ બની હતી. આ સંજોગોમાં સેક્ટર-૩માં આંતરીક રસ્તાઓ સુધારવાનું કામ શરૂ કરી દેવાતા આંતરિક રહિશોમાં હર્ષની લાગણી વ્યાપી છે. માર્ગ નવિનીકરણની કામગીરી પૂર્વે તંત્ર દ્વારા રસ્તાઓની સફાઈ કામગીરી હાથ ધરાઈ છે. સેક્ટર-૩ની સાથે સેક્ટર-૭માં પણ રસ્તાઓનું કામ હાથ ધરાયું છે.

# પ્રખરતા શોધ કસોટીના ફોર્મ ૧૫મી સુધી ભરી શકાશે

## ફોર્મ ભરવાની તા.૩૦ નવેમ્બરને બદલે ૧૫ ડિસેમ્બર કરાઈ

ગાંધીનગર, તા.૨૭

બોર્ડ દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૩ની તા. ૧૧ થી ૧૩ દરમિયાન લેવાનાર પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્રો ભરીને પરત કરવાની છેલ્લી તા. ૧૫મી ડિસેમ્બર રાખવામાં આવી છે. જે શાળાના બાળકો આ કસોટીમાં ભાગ લેવા માંગતા હોય અને શાળાઓને આવેદનપત્રો મળ્યા ન હોય તેવી શાળાઓએ આવેદનપત્રો બોર્ડની કચેરીએથી રૂબરૂમાં મેળવી લેવા જણાવાયું છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના સચિવ એમ.આઈ. જોષીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, બોર્ડ દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૩ની તા. ૧૧ થી ૧૩ દરમિયાન લેવાનાર પ્રખરતા શોધ કસોટી હવે ફકત ધોરણ-૯માં લેવાશે. પ્રખરતા શોધ કસોટી ચાર વિષયોમાં પહેલા લેવાતી હતી જે હવે પાંચ વિષયમાં લેવાશે. પાંચમાં વિષય તરીકે ગુજરાતી વિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# શહેરમાં મકાન ભાડે આપવાની ગેરકાયદેસર પ્રવૃત્તિ બેફામ બની

## રાહતદરે ફળવેલા પ્લોટ પર બંધાયેલા મકાનો બિનદાસ્ત ભાડે અપાય છે : શરતભંગ દાખલ કરવાના કિસ્સા માત્ર નામના

ગાંધીનગર, તા.૨૭

રહેણાંકના હેતુ માટે ફળવાયેલા રાહતદરના પ્લોટ પર બંધાયેલા મકાન ભાડે આપવાની મનાઈ હોવા છતાં શહેરમાં મકાન ભાડે આપી કર્મચારીઓ તગડું ભાડું વસુલતા હોવાના અનેક કિસ્સાઓ છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા મકાન ભાડે આપવા બદલ શરતભંગના કિસ્સાઓ સંદર્ભે તંત્ર કક્ષાએથી કયારેકજ કાર્યવાહી હાથ ધરાતાં મકાન ભાડે આપવાની પ્રવૃત્તિ બિન્દાસ્ત અને બેફામ બની છે.

ઘરનું ઘર બનાવવા માટે કર્મચારીઓને શરત સાથે ફાળવાયેલા હોવાથી રાહતદરના રહેણાંક હેતુના પ્લોટ પર બાંધેલા મકાન ભાડે આપવાની મનાઈ છે તેમ કરવાથી શરતભંગ થાય છે અને આખરી પગલા તરીકે પ્લોટની ફાળવણી રદ થઈ શકે છે. આમ છતાં પાટનગરમાં તગડા ભાડેથી મકાન આપવાની પ્રવૃત્તિ બેફામ બની છે. તંત્ર દ્વારા મકાન ભાડે આપવા બદલ શરતભંગના પગલા લેવાનું પ્રમાણ ઘણું ઓછું રહેવાના કારણે આ ગેરકાયદે પ્રવૃત્તિનો અંત આવતો નથી. પાટનગરમાં છેલ્લા બે પાંચ વર્ષ દરમિયાન મકાનોના ભાડા વધી ગયા હોવાથી કર્મચારીઓ પોતાના મકાન ભાડે આપવાની લાલચ રોકી શકતા નથી. પ્લોટમાં શરતભંગની સૌથી વધુ કાર્યવાહી માત્ર સમયમર્યાદા કરતા વિલંબથી થતાં બાંધકામ સામે જ કરવામાં આવે છે. મકાન ભાડે આપવા બદલ શરતભંગ દાખલ કરવાના કિસ્સા કયારેક જ બને છે. બે વર્ષ પહેલા મકાન ભાડે આપવા બદલ પચાસ જેટલા મકાન માલિકો સામે શરત ભંગની કાર્યવાહી કરવામાં આવી હતી. પરંતુ હકિકત એ છે કે, શહેરમાં ભાડાના મકાનની સંખ્યા હજારોમાં થવા જાય છે. નગરમાં કોણે કેટલા મકાન કોને ભાડે આપ્યા છે તેની માહિતી મેળવવાનું વહવટી તંત્ર માટે જરા પણ અઘરું નથી તે માહિતીના આધારે મકાન ભાડે આપનાર પ્લોટધારક સામે કાર્યવાહી કરી શકાય છે. ગાંધીનગર પોલીસે મકાન ભાડે અપાયા હોય તે બાબતનું અલાયદુ રજીસ્ટર રાખ્યું છે જેમાં પણ પ્લોટ ભાડે આપનાર અને લેનાર બંનેની તમામ વિગત ઉપલબ્ધ જ હોય છે. કર્મચારીઓને રાહતદરે આપવામાં આવતા રહેણાંક પ્લોટ સામે સરકાર દ્વારા મૂકવામાં આવતી શરતોનું પાલન કરવું ફરજિયાત છે. આ પૈકીની એક શરત કર્મચારીઓ રાહતદરના પ્લોટ પર બનાવેલું મકાન અન્ય કોઈને ભાડેથી આપી શકતા નથી તેવી પણ છે. મકાન ભાડે અપાયું હોય તો પણ શરતભંગ થાય છે. પરંતુ શહેરમાં ભાડે અપાયેલા આવા મકાનોની સંખ્યા ખુબ મોટી છે.

## આજે શાંતાબા મહિલા સેવા ટ્રસ્ટ મગોડી વૃદ્ધાશ્રમના વડીલોને જમાડશે

ગાંધીનગરના શ્રી શાંતાબા મહિલા સેવા ટ્રસ્ટના પ્રમુખ સુમિત્રાબોન ભાવસારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, શાંતાબાની આજે તા. ૨૮મી નવેમ્બર ૨૦૧૨ના રોજ તિથિ હોવાથી મગોડી વૃદ્ધાશ્રમના વડીલોને જમાડવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## આજે પ.પૂ. મુનિરાજ અભય રત્ન વિજયજી મ.સા. સેક્ટર-૨૨માં પધારશે

ગાંધીનગર, તા.૨૭

શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન સંઘ ખાતે ચોમાસુ સ્થીરવાર કરેલા પ.પૂ. હેમચંદ્રસૂરિશ્વર મ.સા.ના શિષ્ય-પ્રશિષ્ય પૂ. મુનિરાજ અભય રત્ન વિજયજી મ.સા. રત્નબોધી મ.સા. તથા મુક્તિપ્રેમ વિજજી મ.સા. આદીઠાણા તેમજ સર્વોદયા શ્રીજી મ.સા.ના શિષ્યા સા.મ. કુમુદચંદ્રશ્રી આદીઠાણા ૪ના ચોમાસુ પરિવર્તનનો લાભ કેતનકુમાર જયન્તભાઈ શાહે લીધો છે. આજે કારતક સૂદ પૂનમે સવારે ૮ કલાકે તેમના ઘરે બ્લોક નં. ૨૦૯, આનંદવાટિકા સોસાયટી, જૈન દેરાસર પાછળ, સેક્ટર-૨૨ ખાતે પ્રવેશ થશે. સૌ સંઘ કર્મીઓને પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૦

સૂર્યાસ્ત : ૫.૫૯

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૩.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૩૯ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
સન ઑફ સરદાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
જબ તક હૈ જાન : ૧૨.૦૦, ૩.૩૦, ૯.૩૦
લાઈફ ઑફ પાઈ (અંગ્રજી) : ૭.૦૦

: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧૦.૦૦, ૬.૩૦
લાઈફ ઑફ પાઈ (હિન્દી) : ૧.૧૫, ૪.૦૦ ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
સન ઑફ સરદાર : ૧૧.૩૦, ૫.૩૦
જબ તક હૈ જાન : ૨.૧૫, ૮.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાઈ (હિન્દી) : ૯.૪૫, ૫.૪૫, ૧૦.૩૦
થુપાક્કી : ૧૨.૧૫
ટ્વાલાઈટ : ૩.૩૦, ૮.૧૫

: સ્ક્રીન-૨ :
જબ તક હૈ જાન : ૧૧.૦૦, ૫.૩૦
સન ઑફ સરદાર : ૨.૩૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
સન ઑફ સરદાર : ૯.૩૦, ૩.૪૫, ૧૦.૧૫
જબ તક હૈ જાન : ૧૨.૧૫, ૬.૩૦

: સ્ક્રીન-૪ :
જબ તક હૈ જાન : ૯.૦૦, ૩.૧૫, ૯.૩૦
સન ઑફ સરદાર : ૧૨.૩૦, ૬.૪૫

### સૂર્યા, વાવોલ

સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રિત શાયબા ન ભુલાય: ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સન ઑફ સરદાર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
જબ તક હૈ જાન : ૧૦.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ઑપરેશન મુંબઈ : ૧૦.૩૦, ૧૨.૪૫, ૭.૩૦,૧૦.૧૫
સન ઑફ સરદાર : ૨.૩૦, ૫.૦૦

### ચિરાગ, કલોલ

સન ઑફ સરદાર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- શ્રી સથવારા કડિયા સમાજ ગાંધીનગર દ્વારા બપોરે ૩.૦૦ કલાકે, શૈક્ષણિક કાર્યક્રમ.

## આપની આજ

**મેષ** : નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ** : આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવના. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

**મીન** : મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. દલસુખભાઈ જેઠાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૫૨) મિહિર પાર્ક, મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન સનાજી ઠાકોર (ઉ.વ. ૭૨) મુ.પો. થલતેજ, તા. દસકોઈ, જિ. અમદાવાદ.
- સ્વ. મુનેશ આશારામભાઈ યાદવ (ઉ.વ. ૩૦) પ્લોટ નં. ૬૬૮/૧, સેક્ટર-૫/બી, ગાંધીનગર.
- સ્વ. મિનાક્ષીબેન વાસુદેવભાઈ જાની(ઉ.વ. ૬૬) પ્લોટ નં. ૩૧૨, સુમુખ એપાર્ટમેન્ટ, ફલેટ નં. એફ-૧, સેક્ટર-૨૩, ગાંધીનગર.